<u>**એમ.એ.સી.પી. નં. ૨૪૯/૨૦૧૬**</u>

<u>**આંક – ૧ નીચે હુકમ**</u>

અરજદાર/અરજદારના વિ.વકીલશ્રી તથા સામાવાળા/સામાવાળાના વિ.વકીલશ્રીએ હાજર થઈ આજરોજ લોક અદાલતમાં આંક – <u>**૧૬**</u> થી સમાધાન રજુ કરતા તે સ્વૈચ્છિક, તેમના લખાવ્યા મુજબ અને પક્ષકારોને કબુલ મંજુર હોવાનું સ્વીકારતા સદર સમાધાન નોંધવા હુકમ કરવામાં આવેલ છે તે સમાધાનને અનુરુપ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

(૧) હાલના કલેઈમ સંબંધે સામાવાળા નંબર (વીમા કંપનીનું નામ) **૩, ધી આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ** વાળાએ અરજદારને અરજી સંબંધે ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે વળતરના રૂા. ૨,૧૦,૦૦૦/– અંકે રૂપિયા **(બે લાખ દસ હજાર રૂપીયા પુરા)** અને સામાવાળા નંબર (વીમા કંપનીનું નામ) ૩, **ધી આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ** વાળાએ અરજદારને અરજી સંબંધે ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે વળતરના <u>**રૂા. ૨,૧૦,૦૦૦/**</u>**–** અંકે રૂપિયા **(બે લાખ દસ હજાર રૂપિયા પુરા)** ચુકવવા જવાબદારી સ્વીકારેલ છે અને અરજદારે સદર સ ેટલમેન્ટવાળી રકમ સુધી પોતાનો કલેઈમ મર્યાદીત કરી સ્વીકારેલ છે અને અરજદારે બાકીના સામાવાળાઓને કલેઈમની જવાબદારીમાંથી મુકત ગણવા કબુલ રાખેલ છે.

(૨) જવાબદારી સ્વીકારનાર સામાવાળાએ સમાધાન મુજબની રકમ આજથી ત્રણ માસમાં અરજદારને ચૂકવવી કે ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે. તેમાં નિષ્ફળ ગયેથી સમાધાન મુજબની રકમ ઉપર સમાધાનની તારીખથી દર વર્ષે ૦૦ ટકાના દરથી સાદુ વ્યાજ અરજદારને ચૂકવવાનું રહેશે.

(૩) વળતર અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનું રહેશે.

મળવાપાત્ર કોર્ટ ફી રીફંડ સર્ટીફીકેટ અરજદારના નામનું કાઢવું.

ઉપરોકત વિગતે હુકમનામું દોરવું.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૯/૨૦૧૯

અમદાવાદ.

મોટર એકસીડેન્ટ કલેમઈ ટ્રીબ્યુનલ

સહાયક નંબર – ૦૨

અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર,

અમદાવાદ.